

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર

Mo- 9016924808

YEAR-02, ISSUE- 07,(SURAT), DATE-07/08/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૦૭, (સુરત), તા.૦૭/૦૮/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સાયબર ફ્રોડ અંગે જાગૃતિઃતાપી જિલ્લા પોલીસ અધિક્ષકની આગેવાનીમાં સાયબર ક્રાઇમ અંગેની પ્રેસ કોફરન્સ યોજાઇ

3 એસ.ઓ.જી.એ વાંસદાના માનકુનીયા ગામેથી ગાંજાના છોડનું વાવેતર કરનારને ઝડપ્યો

4 ઓલપાડના કીમ રેલવે ઓવરબ્રિજના રસ્તા પર પડેલા સિમેન્ટના પથ્થરોથી વાહનચાલકોને હાલાકી

## સુમુલ ડેરીની બારડોલી બેઠક માટે પેટા ચૂંટણી, ભાજપ સામે ભાજપના જંગમા જીતેન્દ્ર પટેલ વિજેતા

સુરત તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ સુમુલ ડેરીની ગત રોજ ચૂંટણી યોજાઈ હતી. સુમુલ ડેરીની બારડોલી બેઠક માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. બારડોલી બેઠકના પૂર્વ ડિરેક્ટર અજિત પટેલનો બીભત્સ વીડિયો વાયરલ થતાં રાજીનામુ મુક્યું હતું. જેથી બારડોલી બેઠક ખાલી પડી હતી. ભાજપ સામે જ ભાજપનો જંગ આ વખતે જોવા મળ્યો હતો. ભાજપે જીતેન્દ્ર પટેલને ઉમેદવાર બનાવ્યા હતા. જ્યારે સામે પક્ષે મેન્ડેટ પ્રથા સામે બાંયો ચડાવી તાલુકા પંચાયત ના ઉપપ્રમુખ બિપિન ચૌધરીએ ઉમેદવારી કરી હતી. આજે મતગણતરી દરમિયાન જીતેન્દ્ર પટેલને ૫૭ પેકી ૩૮ મત મળતા વિજય થયો હતો.




**બારડોલી બેઠકની પેટા ચૂંટણીએ દક્ષિણ ગુજરાતના સહકારી રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. આ ચૂંટણી ભાજપે જીતવા મરણિયા પ્રયાસો કર્યા હતા. મતદાનના બે દિવસ અગાઉ બારડોલી ખાતે સુમુલના વાઇસ ચેરમેન રાજુ પાઠકની અધ્યક્ષતામાં તમામ મતદારો બેઠક બોલાવી હતી.**

સુમુલ ડેરીની બારડોલી બેઠકની પેટા ચૂંટણી સહકારી અને રાજકીય રીતે પણ મહત્વની બની હતી. કારણ ભાજપ સામે ભાજપનો જંગ હતો. જીતુ બામણી પોતે સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ છે જે પક્ષ તરફથી ઉમેદવાર હતા. જ્યારે સામે પક્ષે બિપિન ચૌધરી એ પક્ષ સામે નહીં ઝૂકીને સહકારી રીતે ઉમેદવારી કરી હતી. તેમને ૧૮ જેટલા મત મળતા ભાજપ સંગઠન માટે મનોમંથન કરવા જેવી બાબત થઈ છે. આગામી દિવસોમાં પણ સહકારી ક્ષેત્રમાં પક્ષ દ્વારા મેન્ડેટ પ્રથાને જ મહત્વ આપતા અનેક ચૂંટણીઓ ભાજપ સામે વિવાદ સર્જનારી રહેશે.

બારડોલી બેઠકની પેટા ચૂંટણીએ દક્ષિણ ગુજરાતના સહકારી રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. આ ચૂંટણી ભાજપે જીતવા મરણિયા પ્રયાસો કર્યા હતા. મતદાનના બે દિવસ અગાઉ બારડોલી ખાતે સુમુલના વાઇસ ચેરમેન રાજુ પાઠકની અધ્યક્ષતામાં તમામ મતદારો બેઠક બોલાવી હતી. જેમાં ૫૭ પેકી ૪૨ મતદારો પાસે આંગળી ઊંચી કરાવી સમર્થન અંગે દાવો કરાયો હતો. પરંતુ જ્યારે મતદાન થયું અને મત પેટીમાંથી ભાજપ પક્ષના ઉમેદવાર વિજેતા તો થયાં પણ ૪૨ને બદલે ૩૮ મત મળતા પક્ષના કેટલાક આગેવાનોની કામગીરી અંગે પણ પ્રશ્નો ઉભા થયા હતા.

## નવસારી જિલ્લામાં જયશંકર પાર્ટી પ્લોટ પર

## ભારતીય પત્રકાર સંઘ (AIJ) દ્વારા પત્રકાર સન્માન સમારોહ નું આયોજન રાષ્ટ્રીય અધ્યક્ષ સુનિલ સોનવણે ના અધ્યક્ષસ્થાને નવસારી માં યોજાયો



**નવસારી-** નવસારી જિલ્લામાં જયશંકર પાર્ટી પ્લોટ પર ભારતીય પત્રકાર સંઘનુ સંમેલન યોજાયું જેમા હાલમાં પત્રકાર મિત્રોની તકલીફને વાચા આપવા માટે સંગઠનની માહિતી આપવા માટે સંગઠન મંત્રીશ્રી વિનોદભાઈ સોલંકી એ વિગતવાર માહિતી આપી હતી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી સુનિલભાઈ સોનવણે એ ભારતીય પત્રકાર સંઘના ભવિષ્યમાં શું કરવાનું છે એ બાબતે માર્ગદશેન આપ્યુ હતું. ગુજરાત પ્રમુખશ્રી હનિફભાઈ ચોથીયા એ દરેક નુ દિલથી સ્વાગત કર્યુ હતું આટલા વરસાદમા આટલી મોટી સંખ્યામાં પત્રકારની સંખ્યા ભેગા થયા આથી બધાનું દિલથી સ્વાગત કર્યુ હતું





આ સંમેલનમાં રાષ્ટ્રીય અધ્યક્ષ સુનિલભાઈ સોનવણે, મુખ્ય સંગઠક વિનોદભાઈ સોલંકી, રાષ્ટ્રીય સચિવ રાધિકા બહલ, ગુજરાત પ્રમુખ હનિફભાઈ, ગુજરાત મહિલા પ્રમુખ ડાભીબેન, શ્વેતા સોનવણે, રાષ્ટ્રીય સચિવ તેમજ ગુજરાત પ્રભારી દક્ષાબેન ભાવસાર અંજના બેન શહેનાઝ રોઝી, સંદિપ સોલંકી ધનસુખ ભાઇ ગુજરાતી બાલુભાઈ ધીરુભાઈ સોનારીયા તેમજ દરેક સભ્યો હાજર રહ્યા હતા.

## શ્રાવણમાં ભક્તો ઘર બેઠા સોમનાથ મહાદેવની બિલ્વ પૂજા મંગાવી શકશે

બારડોલી હિન્દુ ધર્મમાં શ્રાવણ માસને સૌથી પવિત્ર માસ ગણવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન મહાદેવની પૂજા અર્ચના અને વિવિધ પ્રકારના અભિષેકો કરી શિવ ભક્તો ધન્યતા અનુભવે છે. શ્રાવણ માસ દરમિયાન શિવભક્ત પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવ બિલ્વ પૂજા ઘરેબેઠા નોંધાવી શકશે, અને આ બિલ્વાર્ચન સોમનાથ મહાદેવને પૂજારી દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહ્યુ છે.



માત્ર ૨૫ રૂપિયામાં બિલ્વ પૂજા સેવા. ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી ૨૦૨૩, શ્રાવણ ૨૦૨૩, અને મહાશિવરાત્રી ૨૦૨૪ પર ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા શરૂ કરાઇ હતી. જેમાં બહોળી સંખ્યામાં ભક્તો તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો.

ત્રણે ઉત્સવોમાં 3 લાખ જેટલા પરિવારોએ આ પૂજા નોંધાવી હતી. ૫મી ઓગસ્ટથી શરૂ થયેલા પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને માત્ર ૨૫ની સામાન્ય રાશિથી બીલીપત્ર પૂજનના પુણ્યઅર્જનની સાથે-સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલા એડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે. એટલુજ નહિ ભાવિકોને કોઈ કારણસર પ્રસાદ ન મળ્યો હોય તેમને ફરી પોસ્ટ કરીને અથવા મંદિર કાર્યાલયેથી રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ આપવામાં આવ્યા હતા.

## ધી ઓલપાડ સાયણ કિમ સહકારી મંડળીની કીમ શાખાની નવી ઓફિસનું લોકાર્પણ મંત્રી મુકેશ પટેલના હસ્તે કરાયું



બારડોલી- ઓલપાડ સાયણ અને કિમ ગામના વેપારીઓ આશીર્વાદ રૂપ ૧૯૬૮માં સ્થપાયેલ અને ૩૫૮૩ સભાસદો ધરાવતી વાર્ષિક ૧૪૦ કરોડનું ટર્નઓવર કરતી ધી ઓલપાડ સાયણ કિમ સહકારી મંડળીની ૪૫ લાખના ખર્ચે બનેલ કીમ શાખાની નવી ઓફિસનું લોકાર્પણ વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ હસ્તે કરવામાં આવ્યું હતું.

ઓલપાડ સાયણ અને કિમ ગામે નાના વેપારી ઓને ધિરાણ કરનારી આ સહકારી બેંક આજે કિમ ગામે નવી ઓફિસ વધુ સુવિધાઓ યુક્ત અને કિમ અને આજુબાજુના વિસ્તારમાં ૧૪૭૦ સભાસદો માટે આશીર્વાદ બનશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં ડિરેક્ટરો, સભાસદો અને સહકારી આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## કૃષિ માર્ગદર્શન શિબીરઃરાસાયણિક ખેતીના કારણે જીવ સૃષ્ટિ પર ગ્લોબલ વોર્મિંગની અસર

મંડવી- દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ ફેડરેશન અને ગુજરાત પ્રાકૃતિક ખેતી કૃષિ વિજ્ઞાન યુનિ.હાલોલના સંયુક્ત ઉપક્રમે ખડૂતો માટે પ્રાકૃતિક કૃષિ માર્ગદર્શન અને એફપીઓ સશક્તિકરણ અંગે શિબિર યોજાઈ હતી.



ડો. સી. કે. ટીંબડીયાએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીના કારણે જમીન, આબોહવા, માનવજીવન તથા સમગ્ર જીવસૃષ્ટિ પર ગ્લોબલ વોર્મિંગની અસર ઊભી થઈ છે, તે માટે પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્વની છે. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિનો વિસ્તાર વધે અને ખેડૂતોને સ્થળ પર જ તાલીમ મળી રહે તે માટે તાલીમ કેન્દ્ર પણ ખોલવાની તેમજ પ્રાકૃતિક કૃષિના ઈનપુટ તથા વેચાણ વ્યવસ્થા માટે નવા એફપીઓની સ્થાપના કરવા પર ભાર મૂક્યો હતો.

ચૌધરી સમાજના આગેવાનોએ પ્રાકૃતિક કૃષિને જનજન સુધી પહોચાડવાની હાકલ કરી હતી. ચૌધરી સમાજના આગેવાનો ગરીબ અને પછાત પરિવારોના ઉત્કર્ષ માટે ખુબ સમર્પણ કરી રહ્યા છે. મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિની જરૂરીયાત પર ભાર મૂકી પરિણામોની ચર્ચા કરી હતી. ચૌધરી સમાજના પ્રમુખ વસંતભાઈ ચૌધરી, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એન. જી. ગામીત, મહામંત્રી પ્રભુદાસ ચૌધરી, ધનસુખભાઈ ચૌધરી, ડી. સી. ચૌધરી, અશોકભાઈ, અગ્રણી આર.જે.પટેલ, કૃષિ વૈજ્ઞાનિક જનકભાઈ રાઠોડ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## માંગરોળના ધોળીકુઈ ખરેડા સહિત વિવિધ ગામોમાં રોજગાર દિવસની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કરાયું

બારડોલી- માંગરોળ તાલુકાના ધોળુકુઈ, ખરેડા સહિત વિવિધ ગામોમાં મનરેગા યોજના અંતર્ગત રોજગાર દિવસની ઉજવણી સાથે ઠેર ઠેર વૃક્ષારોપણ કરાયું હતું.

સુરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને માંગરોળ તાલુકા પંચાયતના સંયુક્ત ઉપક્રમે ધોળીકુઈ, ખરેડા બોરીયા વાંકલ ઝંખવાવ આંબાવાડી કંસાલી ભીલવાડા સહિતના ગામોમાં રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધોળીકુઈ ગામે યોજાયેલા કાર્યક્રમમાં માંગરોળ મનરેગા શાખાના એપીઓ પ્રકાશભાઈ ગામીત દ્વારા સરકારની રોજગાર લક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન તેમણે પુરુ પાડ્યું હતું. સાથે આત્મા પ્રોજેક્ટના પ્રતિનિધિ દિનેશભાઈ ચૌહાણ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માહિતીઓ આપવામાં આવી હતી.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# આદિવાસી સમાજની સામાજિક અને સાંસ્કૃતિક ઓળખને ટકાવી રાખવા માટે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવે છે: ધારાસભ્ય ગણપત વસાવા



સુરત: વિશ્વમાં વસતા આદિવાસી સમુદાયના લોકોની સામાજીક અને સાંસ્કૃતિક ઓળખ ટકી રહે એ માટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે એમ, માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાએ જણાવ્યું હતું.

આગામી તા. ૯ મી ઓગસ્ટના રોજ ઉમરપાડા ખાતે રાજયના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ઉમરપાડા ખાતે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવશે. જેને અનુલક્ષીને માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાએ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી રહેલી આગોતરી તૈયારીઓની બેઠક યોજી સમીક્ષા કરી હતી. બેઠકમાં ઉપસ્થિત અધિકારી/ પદાધિકારીઓને માર્ગદર્શન આપતા તેમણે કહ્યું હતું કે, સરકાર દ્વારા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસની ચિંતા તો કરવામાં આવે જ છે સાથો સાથ આદિવાસી સમાજ પોતાની વિશિષ્ઠ સામાજીક અને સાંસ્કૃતિક વિરાસતને જાળવી રાખે એ માટે આદિવાસી સમાજને પ્રેરિત કરે છે એમ કહી તેમણે ઉપસ્થિત પદાધિકારીઓને અધિકારીઓ સાથે સંકલનમાં રહી કાર્યક્રમ સુપેરે પાર પડે એ માટે અનુરોધ કર્યો હતો.

બેઠક દરમિયાન ધારાસભ્યે કાર્યક્રમને અનુલક્ષીને કરવામાં આવી રહેલી તૈયારીઓ વિગતો ચર્ચા કરતાં મંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા અંગે માહિતી મેળવી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

વધુમાં તેમણે તા. ૦૯ મી, ઓગસ્ટના રોજ યોજાનારા કાર્યક્રમમાં સહભાગી થનારા લોકો પરંપરાગત પોશાક પહેરે તેમજ પરંપરાગત વાધના તાલે પરંપરાગત નૃત્ય પણ કરે એવી વ્યવસ્થા સરપંચ અને અન્ય ચુંટાયેલા પ્રતિનિધિઓ કરે એવી અપેક્ષા પણ વ્યક્ત કરી હતી.

તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમો તો ખરા જ પણ સમાજમાં શ્રેષ્ઠ કામગીરી કરી આગવી ઓળખ ઊભી કરનાર વ્યક્તિ વિશેષ, તેજસ્વી વિદ્યાર્થી, ખેડૂતો અને મહિલાઓના સન્માન અંગે પણ વહીવટીતંત્રને જરૂરી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી.

આ ઉપરાંત વિવિધ વિભાગની જનકલ્યાણકારી વ્યક્તિલક્ષી યોજનાના લાભાર્થીઓને આપવામાં આવનારી સહાય અંગે વિગતે જાણકારી મેળવી લાભાર્થીઓની યાદી સમયસર તૈયાર થાય એ અંગે ખાસ તાકીદ કરી હતી. બેઠકનું સંચાલન પ્રાંત અધિકારી કૌશિક જાદવે કર્યું હતું. બેઠકમાં માંગરોળ મામલતદાર પાર્થ જયસ્વાલ, ઉમરપાડા મામલતદાર પટેલ, ઉમરપાડા તા. વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા/જિલ્લાના ચુંટાયેલા સભ્યો, સરપંચો, અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નારી વંદન સપ્તાહ ઉજવણી-૨૦૨૪

# વ્યારા મથકે જિલ્લા કક્ષાની મહિલા સુરક્ષા રેલી યોજાઇ

# નારી વંદન ઉત્સવ અંતર્ગત મામલતદાર કચેરી ડોલવણ ખાતે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ જાગૃતિ કાર્યક્રમ યોજાયો






તાપી - રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧ થી ૦૮ ઓગસ્ટ દરમ્યાન 'નારી વંદન ઉત્સવ - ૨૦૨૪'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પ્રથમ દિવસે તાપી જિલ્લાના વ્યારા તાલુકા ખાતે જિલ્લા કક્ષાની મહિલા સુરક્ષા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા સુરક્ષા રેલીને શ્રીમતી નિલમબેન શાહ-નગર પાલિકા ઉપપ્રમુખશ્રી, શ્રીમતી એન.એસ. ચૌધરી-વ્યારા પોલીસ સટેશન પી. એસ. આઇ., શ્રીમતી સુલોચના એસ. પટેલ- મહિલા બાળ અધિકારીશ્રી, અપેક્ષા દેસાઇ-કે.કે.કદમ કન્યા વિદ્યાલય પ્રિન્સિપાલશ્રી ઉપસ્થિત રહી પ્રસ્થાન કરવામાં આવી હતી. મહિલાઓની સુરક્ષાના નારાઓ સાથે રેલીમાં મોટી સંખ્યામાં શાળાની દિકરીઓ જોડાઇ હતી.

આ ઉપરાંત મામલતદાર કચેરી ડોલવણ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ મહિલા જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી ભાવનાબેન-ડોલવણ તાલુકા પંચાયત પ્રમુખશ્રી, શ્રીમતી વાસતીબેન -જિલ્લા પંચાયત સભ્યશ્રી, શ્રીમતી સુલોચના એસ. પટેલ-મહિલા બાળ અધિકારીશ્રી, શ્રીમતી કુમુદબેન, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા કચેરી હસ્તક કાર્યરત યોજનાઓ તેમજ સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ મહિલા અભ્યમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો વિશે વિસ્તૃત માહીતી પુરી પાડવામાં આવી હતી.

૧૮૧ મહિલા અભયમના કાઉન્સેલર દ્વારા ૧૮૧ વિશે માહીતી પુરી પાડેલ વ્હાલી દિકરીના મંજુરી હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. આ સાથે ઉપસ્થિત સૌને યોજનાકીય પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યા હતા. સેમિનારમાં ગ્રામ્ય કક્ષાની મહિલાઓએ ખુબ જ ઉત્સાહપુર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાથરડા ગામમાં બ્રિજના અભાવે અંતિમયાત્રા પાણીમાંથી કાઢવી પડી



સોનગઢ- સોનગઢ તાલુકાના પાથરડા ગામે કોતર પર બ્રિજના અભાવે સામે પાર આવેલા કબ્રસ્તાનમાં જવા માટે લોકોએ વહેતાં પાણી માંથી પસાર થવું પડે છે. સોમવારે પણ ગામના એક માજીનું અવસાન થતાં તેમની નનામી પાણી માંથી પસાર કરાવવી પડી હતી.

ઉકાઇ ગામની નજીક આદિમ જૂથમાં ગણાતાં કોટવાળીયા સમાજના લોકોની સારી એવી વસતિ વસવાટ કરે છે. આ સમાજમાં કેટલાંક લોકો ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે અને સમાજમાં કોઈનું અવસાન થાય તો ગામમાં થઈ વહેતાં એક કોતરની સામે પાર આવેલા કબ્રસ્તાનમાં દફનાવવા માટે લઈ જવા પડતાં હોય છે. આ કબ્રસ્તાન તરફ જવા માટે કોતર પર એક લોલેવલ બ્રિજ બનાવી આપવા ગ્રામજનો અંદાજે પાંચ વર્ષથી લડત ચલાવી રહ્યાં છે.

આ સંદર્ભે વિસ્તારના ધારાસભ્ય, સંસદ સભ્ય અને ચૂંટાયેલા સભ્યો, અધિકારીઓ સમક્ષ અને વિવિધ ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં તેઓ રજૂઆત કરી ચૂક્યા છે પણ હજી સુધી તેમનાં પ્રશ્નનો નિકાલ આવ્યો નથી. આજે પણ લોકોએ સામે પાર જવા માટે પાણીમાં થઈ ને જ પસાર થવું પડે છે .સોમવારના દિવસે પણ પાથરડા ગામમાં રહેતાં હીરાબહેન કોટવાળીયાનું અવસાન થયું હતું અને બપોરે તેમની અંતિમ યાત્રા નીકળી હતી.


આ યાત્રા કોતરની સામે પાર આવેલા સ્મશાન અને કબ્રસ્તાન તરફ જવા માટે નીકળી હતી પણ કોતર પર બ્રિજ ન હોવાથી તમામ ડાઘુઓ વહેતાં પાણી માંથી પસાર થઈ અંતિમયાત્રા આગળ ધપાવી હતી. આ બાબતે ગ્રામજનોએ આક્રોશ સાથે કહ્યું કે સરકાર આદિમ જૂથના નામનો ઉપયોગ કરી વિકાસ માટે કરોડો રૂપિયા ફાળવે છે પણ જે જરૂરી છે એવો નાનકડો બ્રિજ બનાવી આપવા માટે વાયદા જ કરવામાં આવી રહ્યાં છે. આ સંદર્ભે વરસાદ પૂર્ણ થયાં પછી બ્રિજનું કામ ઝડપથી પૂર્ણ ન કરવામાં આવે તો ગ્રામજનો આસપાસના ગામડાંમાંથી અને પોતાના ગામ માંથી બ્રિજ બનાવવા માટે નાણાં ઉઘરાવી સરકારને અર્પણ કરવાનો કાર્યક્રમ કરનાર હોવાનું જાણવા મળ્યું છે.

# ઓલપાડના ઉમરા ગામે એપાર્ટમેન્ટની ગેલેરીમાં રમી રહેલા બાળકનું ગંભીર ઈજાઓના કારણે ટુંકી સારવાર દરમિયાન મોત



બારડોલી- ઓલપાડના ઉમરા ગામ ખાતે આવેલા રુદ્રાક્ષ એપાર્ટમેન્ટના ત્રીજા માળની ગેલેરીમાં રમી રહેલો ૭ વર્ષનો બાળક નીચે પટકાયો હતો. જેને લઇને બાળકને ગંભીર ઈજાઓ થતા તેઓને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ટુંકી સારવાર દરમિયાન મોત થયું હતું. સમગ્ર ઘટનાની જાણ ઓલપાડ પોલીસને કરવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં ઉમરા ગામે આવેલા રુદ્રાક્ષ એપાર્ટમેન્ટ રહેતા મનોજ કુમાર ભ્રમદેવ મહતો જેઓ મૂળ બિહાર રાજયના છે. તેઓનો સાત વર્ષનો બાળક પ્રતીક મનોજ કુમાર ઘરની ગેલેરિમાં રમી રહ્યો હતો. તે દરમિયાન અચાનક ત્રીજા માળની ગેલેરીમાંથી નીચે પટકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેઓને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ટુંકી સારવાર દરમિયાન મોત થયું હતું. ૭ વર્ષીય બાળકના મોતના સમાચાર સાંભળી પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ ઓલપાડ પોલીસને કરવામાં આવતા ઓલપાડ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.




# શહેરમાં દશા માં ના પર્વને અનુસરીને પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરતઃ સુરત શહેરમાં તા.૧૪ ઓગષ્ટ દરમિયાન દશામાની મૂર્તિનું વિસર્જન થવાનું હોય વિસર્જન દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સુચારું રહે તે હેતુથી પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી કમિશ્નરેટ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જે અનુસાર દશા માંની મૂર્તિ બેઠક સહિતની ૦૯ (નવ) ફુટ કરતા વધારે ઉંચાઇની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર, દશામાની પી.ઓ.પી.ની મૂર્તિઓ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ૦૫ (પાંચ) ફુટથી વધારે ઊંચાઇની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર.(માટી તથા પી.ઓ.પી.ની મુર્તીઓનું જખઈ દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરીયામાં વિસર્જન કરવાનું રહેશે.), ઓવારા વાઇઝ જયાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઇસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તીઓનું વિસર્જન કરવા ઉપર, મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા ઉપર, દશામાની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડિત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર, કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર, દશામાંનો તહેવાર પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર, ફાયબરની મૂર્તિ વિસર્જનના દિવસે તથા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર, પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા ઉપર તેમજ મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો અમલ તા. ૧૪/૮/૨૦૨૫૪ સુધી કરવાનો રહેશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# શહેરના સ્ટ્રક્ચર તરંગ ને વર્લ્ડ આર્કિટેક્ચર ફેસ્ટિવલ ની ફાઇનલમાં નોમિનેશન મળી ગયું

ગાંધીનગર- ગાંધીનગરમાં પથિકાશ્રમ સંકુલમાં બનાવવામાં આવેલા તરંગની ડિઝાઇનને વિશ્વના સૌથી મોટા આર્કિટેક્ચર ફેસ્ટીવલ- વર્લ્ડ આર્કિટેક્ચર ફેસ્ટીવલમાં ફાઇનલ નોમિનેશન મળ્યું છે. તરંગની ડિઝાઇન ગાંધીનગરના આર્કીટેક્ટ દંપતી સ્નેહલ સુથાર અને ભદ્રી સુથાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ દંપતિએ ડિઝાઇન કરેલા પાંચ પ્રોજેક્ટ ફાઇનલિસ્ટ તરીકે પસંદ કરાયા છે.

સુથાર દંપતી દ્વારા માનવીની ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભવિષ્યનું ઘર તરીકે એગ્રીટેક્ચર હોમ અને ભવિષ્યની શાળા તરીકે એગ્રીટેક્ચર સ્કૂલની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. આ બંને પ્રોજેક્ટને પણ વર્લ્ડ આર્કિટેક્ચરલ ફેસ્ટીવલમાં નોમિનેશન મળ્યું છે. ફ્યુચર હોમને બે કેટેગરીમાં નોમિનેશન મળ્યા છે.

આ વર્ષના વર્લ્ડ આર્કીટેક્ચર ફેસ્ટિવલમાં અન્ય ફાઇનાલિસ્ટમાં સુપ્રસિદ્ધ જાપાની આર્કિટેક્ટ તાદાઓ એન્ડો, સ્પેનિશ આર્કિટેક્ટ નોર્મન ફોસ્ટર, ઇટાલિયન આર્કિટેક્ટ રેન્ઝો પિયાનો ઉપરાંત વિશ્વના આશરે અન્ય ૫૦૦ જેટલાં આર્કીટેક્ચર્સ સામેલ છે.

તરંગને કમ્પ્લીટેડ બિલ્ડીંગ - ડિસ્પ્લે કેટેગરીમાં વિશ્વના પસંદ કરાયેલા ૯ પ્રોજેક્ટ્સ પૈકી એક અને ઇન્સાઇડ - પબ્લિક બિલ્ડીંગ કેટેગરીમાં વિશ્વના પસંદ કરાયેલા ૧૧ પ્રોજેક્ટ્સ પૈકી એક એમ બે કેટેગરીમાં સ્થાન મળ્યું છે.

# સાયબર ફ્રોડ અંગે જાગૃતિ:તાપી જિલ્લા પોલીસ અધિક્ષકની આગેવાનીમાં સાયબર ક્રાઈમ અંગેની પ્રેસ કોન્ફરન્સ યોજાઇ



તાપી (વ્યારા)- તાપી જિલ્લા પોલીસ અધિક્ષકની આગેવાનીમાં આજે સાયબર ક્રાઈમ અંગેની પ્રેસ કોન્ફરન્સ રાખવામાં આવી હતી, સાયબરના વધતા જતા ગુનાઓને ડામવાને માટે અને લોકો એનો ભોગ બનતા અટકે તે ઉદ્દેશ્યથી પોલીસ વિભાગ દ્વારા જન જાગૃતિના ભાગરૂપે એક પ્રેસ કોનફરન્સનું આયોજન કરાયું હતું.

સાયબર ક્રાઈમના વધતા જતા વ્યાપાને અટકાવવાનો માટે અને લોકો ખોટી રીતે એનો ભોગ ન બને તે માટે અને જો ભોગ બને તો સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા ટોલ ફ્રી નમ્બર ૧૯૩૦ પર પોતાની અરજ આપી શકે અથવા નજીકના પોલીસ વિભાગને જાણ કરી શકે છે, ભોગ બનનારનું જયારે એકાઉન્ટ ફ્રીઝ થાય છે ત્યારે હવે કેવા નવા નિયમો આવેલા છે. એ અંગે જિલ્લા પોલીસ વડાએ વિગતે માહિતી આપી હતી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### મહાદેવજીનું સ્વરૂપ નિર્ગુણ, નિરંજન, નિરાકાર અને નિર્લેપ છે

ભગવાન સદાશિવે પણ ભક્તોના કલ્યાણ માટે અવતાર ધારણ કર્યા છે. વિષ્ણુ ભગવાનના ૨૪ અવતાર છે. તો મહાદેવજીના ૧૦૦ અવતારો છે. જેનું નિરૂપણ શિવ મહાપુરાણની શતરુદ્ર સંહિતામાં છે. કેટલાંક અવતારો વિશે જો ચર્ચા કરીએ તો દરેક કલ્પમાં ભગવાન સદાશિવના અવતાર થયાં છે.

જ્યારે ૧૯ મો શ્વેત લોહિત નામનો કલ્પ આવ્યો તે સમયે બ્રહ્માજીના મનમાં ચિંતા થઈ કે હું આ સૃષ્ટિનું સર્જન કેવી રીતે કરીશ ? બ્રહ્માજીએ ભગવાન સદાશિવનું ધ્યાન ધર્યું. બ્રહ્માજીની ચિંતાનું નિવારણ કરવા માટે મહાદેવજી સદ્યોજાત સ્વરૂપે પ્રગટ થયાં. આ સ્વરૂપમાં મહાદેવજીએ સફેદ વસ્ત્રો પરિધાન કર્યા હતાં. નંદન, સુનંદન, વિશ્વનંદન અને ઉપનંદન સાથે મહાદેવજીએ બ્રહ્માજીને જ્ઞાનોપદેશ કર્યો. મહાદેવજીના જ્ઞાનથી જ બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું.

૨૦ મો રક્ત નામનો કલ્પ થયો જેમાં બ્રહ્માજીનો વર્ણ પણ લાલ હતો. એમણે ભગવાન શિવજીનું ધ્યાન ધર્યું. તે સમયે મહાદેવજી વામદેવ સ્વરૂપે પ્રગટ થયાં. આ અવતારમાં મહાદેવજીએ લાલ વસ્ત્રો પરિધાન કર્યા હતાં. લાલ માળા પહેરી હતી. બ્રહ્માજીને જ્ઞાન આપી શ્રૃષ્ટિના સર્જન માટે પ્રેરિત કર્યા. વિરજ, વિવાહ, ત્રિશોક અને વિશ્વભાવન સાથે વામદેવ અવાતરે સૃષ્ટિ સંબંધિત બ્રહ્માજીને જ્ઞાન આપ્યું.

૨૧ મો કલ્પ એ પિતવાસસ નામનો હતો જેમાં બ્રહ્માજીએ પીળાં વસ્ત્રો ધારણ કર્યા હતાં. ત્યારે મહાદેવજી પણ પિતાંબર ધારી બન્યા. ભોળાનાથના આ સ્વરૂપના દર્શન કરી બ્રહ્માજી પરમ પ્રસન્ન થયાં અને તેમના મુખારવિંદમાંથી શિવ ગાયત્રી પ્રગટ થઈ. ઓમ તત્પુરુષાય વિદમહે, મહાદેવાય ધિમહિ તન્નો રુદ્ર પ્રચોદયાત્ આ મહાદેવજીની ગાયત્રી છે. શિવ ગાયત્રીના અનુષ્ઠાનથી મહાદેવજી પ્રસન્ન થાય છે. આ મહાદેવજીનો તત્પુરુષ નામનો અવતાર છે.

એ પછી શિવ નામનો કલ્પ આવ્યો. જ્યારે બ્રહ્માજીએ જોયું કે ચારેય બાજુ જળ-જળ જ છે તે સમયે બ્રહ્માજીએ ભગવાન સદાશિવનું ધ્યાન ધર્યું. ત્યારે મહાદેવજી અઘોર સ્વરૂપે પ્રગટ થયાં. અઘોર અવતારમાં મહાદેવજીએ કાળાં વસ્ત્રો પરિધાન કર્યા હતાં. કૃષ્ણ, કૃષ્ણશિખ, કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠ આ ચાર શિષ્યોની સાથે બ્રહ્માજીને જ્ઞાનોપદેશ મહાદેવજીએ કર્યો.

ત્યાર પછી વિશ્વરૂપ નામનો કલ્પ થયો. જ્યારે બ્રહ્માજીએ મહાદેવજીનું સ્મરણ કર્યું ત્યારે સાક્ષાત્ વિશ્વરૂપા સરસ્વતી માતાજી પ્રગટ થયાં અને મહાદેવજી ઈશાન રૂપે પ્રગટ થઈ બ્રહ્માજીને જ્ઞાન આપ્યું. તે સમયે મહાદેવજીના ચાર શિષ્યો હતાં. જતી, મુંડી, શિખંડી અને યતિ. આ ચાર શિષ્યો એ યોગ માર્ગના સ્થાપકો થયાં. જેમણે યોગ માર્ગનો પ્રચાર-પ્રસાર કર્યો.

મહાદેવજીના અવતારોમાં આ પાંચ અવતાર એ પ્રધાન છે. જેમાં બ્રહ્માજીને જ્ઞાન શિવજીએ આપ્યું. બ્રહ્માજી જ્યારે શ્રૃષ્ટિનું સર્જન કરતાં હતાં ત્યારે શ્રૃષ્ટિ આગળ નહોતી વધતી. ભગવાન સદાશિવનું ધ્યાન ધર્યું ત્યારે મહાદેવજી અર્ધનારેશ્વર સ્વરૂપે પ્રગટ થયાં. બ્રહ્માજીને જ્ઞાન આપતાં કહ્યું કે, તમે મૈથુની શ્રૃષ્ટિનું સર્જન કરો. અર્થાત સ્ત્રી અને પુરુષ વાળી શ્રૃષ્ટિ. જ્યારે દ્વાપર યુગમાં ભગવાન વિષ્ણુ વ્યાસ બનીને આવતાં હતાં ત્યારે મહાદેવજી ભગવાન વેદવ્યાસજીને માર્ગદર્શન આપવા માટે યોગેશ્વર બનીને આવતાં હતાં. એવા ૨૮ અવતાર યોગેશ્વર સ્વરૂપે છે.

ત્યાર પછી મહાદેવજી મૂર્તિ સ્વરૂપે પ્રગટ થયાં. આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંન્દ્ર અને આત્મા આ ભગવાન સદાશિવના જ સ્વરૂપો છે. મહાદેવજી વૈશ્વાનર સ્વરૂપે પ્રગટ થયાં. ત્યાર પછી મહાદેવજીનો નંદીશ્વર નામનો અવતાર થયો. જે અજર-અમર કહેવાયાં. મહાદેવજીના જે ગણ છે નંદીશ્વર તે સાક્ષાત શિવજીનું જ સ્વરૂપ છે.

દક્ષ યજ્ઞાનો ધ્વંશ કરવા મહાદેવજી વિરભદ્ર સ્વરૂપે પ્રગટ થયાં. અર્થાત્ ભગવાન શિવજીએ જ દક્ષ યજ્ઞાનો નાશ કર્યો. નરસિંહ અવતારની પૂર્ણાહૂતિ કરવા માટે મહાદેવજીએ સલભ નામનો અવતાર લીધો. શિવ મહાપુરાણમાં સો અવતારોનું વર્ણન છે. જેમાં કેટલાંક અવતારોની ચર્ચા આપણે કરી. આ બધા અવતારો સનાતન ધર્મના સ્થાપક છે. સનાતન ધર્મના જો કોઈ આદિ દેવ હોય તો તે ભગવાન સદાશિવ છે. એ ભગવાન સદાશિવની કૃપા આપણી ઉપર રહે, આપણે શિવ પરાયણ બનીએ, શિવમય થઈએ એ જ અભ્યર્થના સાથે...અસ્તુ !

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક—મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ—૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ—૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# ભણતર બન્યું મોંઘું! નવી ફી કમિટીની રચના બાદ સ્કૂલ ફીમાં કરાયો વધારો

રાજ્ય સરકારે તાજેતરમાં અમદાવાદ સહિતના ચારેય ઝોનની નવી ફી કમિટીઓની રચના કરી હતી. ત્યારબાદ અમદાવાદ ઝોનની કમિટી દ્વારા શહેરની બાકી રહેલી ૧૫૦થી વધુ સ્કૂલોમાંથી કેટલીક સ્કૂલોની નવી ફી નક્કી કરી દેવામાં આવી છે. જેમાં દરખાસ્ત કરનારી સ્કૂલોની ફીમાં ૫થી ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

ફી કમિટી દ્વારા જે સ્કૂલોના ફીના ઓર્ડર કરવામાં આવ્યા છે. તેમાં એપોલો ઇન્ટરનેશનલ સ્કૂલની ફી ૯૯ હજાર રૂપિયા હતી જે હવે ૧.૦૪ લાખ રૂપિયા થઇ છે. ગ્લોબલ ઇન્ડિયન સ્કૂલની ફી ૯૧ હજાર રૂપિયા હતી તે ૯૫ હજાર રૂપિયા થઈ છે અને આનંદનિકેતન સ્કૂલની ફી ૮૩ હજાર રૂપિયા હતી જે વધીને ૯૧ હજાર રૂપિયા થઈ છે. આ ઉપરાંત ડીપીએસ બોપલની સ્કૂલની ફી ૮૦ હજાર રૂપિયા હતી જે વધીને ૮૪ હજાર રૂપિયા થઈ છે.

એસ. એચ. ખારવા સ્કૂલની ફી ૩૨ હજાર રૂપિયા હતી જે ૩૫ હજાર રૂપિયા થઈ છે. શિવ આશિષ સ્કૂલની ફી ૫૭,૫૦૦ રૂપિયા હતી જે વધીને ૬૧ હજાર રૂપિયા થઈ છે. કે. એન. પટેલ સ્કૂલની ફી ૭૭ હજારથી વધીને ૮૧ હજાર રૂપિયા અને સંત કબીર સ્કૂલની ફી ૯૫,૪૦૦થી વધીને ૯૭,૯૦૦ રૂપિયા થઈ છે.




એચ.બી.કાપડીયા સ્કૂલની ફી ૫૭ હજાર રૂપિયા હતી તે વધીને ૬૦ હજાર રૂપિયા કરવામાં આવી છે. કેટલીક સ્કૂલોની ફી ૫થી ૭ ટકા અને કેટલીક સ્કૂલોની ફી ૧૦ ટકા સુધી વધી છે. એકંદરે ૩ હજારથી લઈને ૧૨ હજાર રૂપિયા સુધીનો ફી વધારો થયો છે. કેટલીક સ્કૂલોએ ફી કમિટીનો ફીનો ઓર્ડર થાય તે પહેલાં જ અને નવી ફી કમિટી રચાય તે પહેલાં જ નવા શૈક્ષણિક વર્ષથી ફી વધારો લેવાનો શરુ કરી દીધો છે. આ મુદ્દે અમદાવાદ શહેર ડીઈઓમાં વાલીઓએ ફરિયાદ પણ કરી હતી.

**ફી કમિટી દ્વારા જે સ્કૂલોના ફીના ઓર્ડર કરવામાં આવ્યા છે. તેમાં એપોલો ઇન્ટરનેશનલ સ્કૂલની ફી ૯૯ હજાર રૂપિયા હતી જે હવે ૧.૦૪ લાખ રૂપિયા થઈ છે. ગ્લોબલ ઇન્ડિયન સ્કૂલની ફી ૯૧ હજાર રૂપિયા હતી તે ૯૫ હજાર રૂપિયા થઈ છે અને આનંદનિકેતન સ્કૂલની ફી ૮૩ હજાર રૂપિયા હતી જે વધીને ૯૧ હજાર રૂપિયા થઈ છે.**

# ગુજરાતમાં દિવાળી પહેલાં સુધારેલી જંત્રીનો અમલ થશે! સ્ટેમ્પ ડ્યુટીના દરમાં ઘટાડો કરવાની વિચારણા

ગુજરાતમાં દિવાળી પૂર્વે સુધારેલી જંત્રીના દરનો અમલ કરવા તેમજ સ્ટેમ્પ ડ્યુટીના દરમાં ઘટાડો કરવાની વિચારણા શરૂ કરવામાં આવી છે. શહેરોના વિકસિત વિસ્તારોમાં બજાર ભાવને ધ્યાને લઈને વેલ્યુ ઝોન પ્રમાણે જંત્રીના નવા દર નક્કી કરાયા છે. જયારે વિકાસની ઓછી તક હશે તેવા વિસ્તારોમાં જંત્રીના દરોમાં ઘટાડો થવાની શક્યતા છે.

ગુજરાત સરકારે જયારે જંત્રીના દર લાગુ કર્યા હતા, ત્યારે બિલ્ડર લોબીએ ભારે વિરોધ કર્યો હતો. કારણ કે સાયન્ટિફિક ગણતરી કર્યા વિના આ દર નક્કી કરવામાં આવ્યા હોવાથી એક જ વિસ્તારમાં દરોમાં ઘણી વિસંગતતા જોવા મળી હતી. પરિણામે સરકારે દરમાં સુધારો કરવાનો આદેશ આપ્યો હતો. આમ તો નવા દર વર્ષ ૨૦૨૩માં લાગુ કરવાના થતા હતા. પરંતુ લોકસભાની ચૂંટણી આવતી હોવાથી સરકારે તેનો અમલ અટકાવી રાખ્યો હતો. હવે નજીકના ભવિષ્યમાં કોઇ મોટી ચૂંટણી નહીં હોવાથી સરકાર ધીમેથી જંત્રીના સુધારેલા દર નક્કી કરવા માગે છે. આ દર નક્કી કરતાં પહેલાં ગુજરાતના કેટલાક




**ગુજરાત સરકારે જ્યારે જંત્રીના દર લાગુ કર્યા હતા, ત્યારે બિલ્ડર લોબીએ ભારે વિરોધ કર્યો હતો.**

અધિકારીઓ મહારાષ્ટ્રમાં ગયા હતા અને ત્યાં જંત્રીની પદ્ધતિનો અભ્યાસ કર્યો હતો. બીજી તરફ રાજય સરકારે બિલ્ડર લોબી સામે ઝૂકીને સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં ઘટાડો કરવાની વિચારણા શરૂ કરી છે. છેલ્લા બે વર્ષથી બિલ્ડરો સ્ટેમ્પડ્યુટીના દરોમાં ઘટાડો કરવા માટે સરકારમાં અનેક વખત રજૂઆતો કરી ચૂક્યાં છે. હાલ રાજયમાં સ્ટેમ્પડ્યુટીનો દર ૪.૯ ટકા છે અને રજીસ્ટ્રેશન ફી ૧ ટકા વસૂલ કરવામાં આવે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, સરકાર ૦.૫૦ થી ૧ સુધીના દરો ઘટાડી શકે છે.

# એસ.ઓ.જી.એ વાંસદાના માનકુનીયા ગામેથી ગાંજાના છોડનું વાવેતર કરનારને ઝડપ્યો



ઉનાઈ- વાંસદા તાલુકાના માનકુનીયા ગામ ખાતે આવેલ નોનાઈ ડુંગર ઉપર ટીંડોળાના ખેતરમાં ગુપ્ત રીતે ગાંજાના છોડનું ગેરકાયદેસર વાવેતર કરવામાં આવી રહ્યું હતું. ત્યારે નવસારી જિલ્લા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના માણસોએ બાતમીના આધારે ગાંજાના છોડનું ગેરકાયદેસર વાવેતર કરનાર ઈસમને ઝડપી પાડ્યો હતો. તેમજ પોલીસે સ્થળ પરથી ૨૯ હજાર કરતાં વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નવસારી જિલ્લા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના માણસોને ખાનગી રાહે બાતમી મળી હતી કે, નવસારી જીલ્લાના વાંસદા તાલુકાના માનકુનિયા ગામે બારી ફળીયા ખાતે રહેતા શાંતીલાલ મનુભાઈ દળવીએ તેમના રહેણાંક ઘરથી થોડે દુર આવેલ નોનાઈ ડુંગર નામે ઓળખાતા ડુંગર પાસે ખુલ્લી જગ્યામાં આવેલ ખેતરમાં શાકભાજીના છોડના વાવેતરની આડમાં વનસ્પતિજન્ય ગાંજાના છોડવા ઉગાડી ઉત્પાદન કરી વેચાણ કરે છે. જે બાતમીના આધારે એસ. ઓ.જી.પોલીસ સ્ટાફના માણસોએ માનકુનિયા ગામમાં આવેલ નોનાઈ ડુંગરની સપાટ જગ્યા ઉપર ખેડવામાં આવતા ખેતરમાં રેડ કરી હતી. ત્યારે ટીંડોળાના ખેતરમાં આસરે ૧૦ ફૂટ અને ૦૬ ફૂટ ઊંચા ગાંજાના છોડનું વાવેતર કરેલ જોવા મળ્યું હતું.

રેડ દરમ્યાન કુલ બે છોડ એક આશરે ૧૦ ફૂટ ઊંચો તથા ૦૬ ફૂટ ઊંચો જેનું કુલ વજન ૪.૮૮૦ કી.ગ્રા. જેની કિંમત રૂપિયા ૨૯,૨૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ આરોપી શાંતીલાલ મનુભાઈ દળવી દ્વારા આસરે ૦૬ થી ૦૮ માસ પેહલા કોઈ અજાણ્યા ઈસમ પાસેથી ગાંજાના બિયા લાવી ભવિષ્યમાં વેચાણ કરવાના ઇરાદાથી વાવેતર કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

તેમજ એસ.ઓ.જી.પોલીસે શાંતીલાલ મનુભાઈ દળવીની અટકાયત કરી હતી અને આરોપીનો કબજો હાલમાં વાંસદા પોલીસને સોંપવામાં આવેલ છે. વાંસદા પોલીસે આરોપીનો કબજો મેળવી આગળની તજવીજ હાથ ધરી છે.

# પુષ્પોના વેપારીઓ પર ધનવર્ષા : ૪ કલાકમાં ૧૨ હજાર કિલોનું વેચાણ

ભરૂચ-શ્રાવણ મહિનો ચાલુ થતાં ભરૂચમાં ફૂલનો પણ બે દિવસથી ભાવમાં વધારો થયો છે, તેમ છતાં ત્રણ ઘણું વેચાણ વધ્યું છે. શ્રાવણ મહિનો ચાલુ થતાં લોકો મહાદેવના દર્શન માટે જાય છે. ત્યારે ફૂલોના હાર મહાદેવને ચડાવે છે. જેથી ફૂલોના ભાવ વધવા છતા લોકો દ્વારા ફૂલોની ખરીદી કરવામાં આવી હતી. સામાન્ય દિવસોમાં અંદાજે



૩ હજાર કિલો ફૂલોનું વેચાણ થતું હતું. જે વધીને હાલ ૧૨ હજાર કિલો થયું છે. સાથે ફૂલોના ભાવમાં પણ વધારો થયો છે, જેમાં ગુલાબનો ભાવ ૫૦ રૂપિયાના કિલો હતાં જે વધીને ૨૫૦ થયા છે. ગોટા ૩૦ રૂપિયાના કિલો મળતા હતા, જે હાલ ૮૦ રૂપિયે મળી રહ્યા છે. આમ ફૂલના ભાવમાં અડીખમ વધરો થયો છે. તેમ છતાં સવારના ચાર કલાક મા જ ૧૨ હજાર કિલો ફૂલોનું વેચાણ થયું હતું. જોકે દિવસ દરમિયાન પણ ફૂલોનું વેચાણ ચાલી રહ્યું હતું. આમ ફૂલનું વેચાણ વધતાં વેપારીઓની ચાંદી થઈ છે. તેમજ શ્રાવણ મહિનો ચાલશે ત્યાં સુધી

# તાપી અને ડાંગમાં ખેડૂતોને ૬૬ હજારથી પણ વધુ રોપાનું વિતરણ

કુકરમુંડા- તાપી જિલ્લામાં અને ડાંગ જિલ્લામાં કાર્યરત વિકલ્પ સંસ્થા દ્વારા તાપી જિલ્લાના નિઝર, ઉચ્છલ, સોનગઢ, ડોલવણ અને ડાંગ જિલ્લાના વઘઇ, આહવા તાલુકાના ખેડૂતો સહીત મહારાષ્ટ્ર રાજયના આશરે ૬ જેટલાં ગામોના ખેડૂતોને અંદાજિત ૬૬,૧૪૬ જેટલાં ફળ - ફળાદી સહીત વિવિધ પ્રકારના રોપાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યા છે.

વિકલ્પ સંસ્થાના ડાયરેક્ટ હિમાંશુભાઈ સહીત તાપી જિલ્લાના ટીમ મનીષભાઈ પાડવી, સુધીનાબેન વળવી, છાયાબેન વસાવે, રાજુભાઈ વસાવા, જહેરસિંગભાઈ ગામીત, ઝરણાંબેન,



યોગિતાબેન તેમના વોલયન્ટર અને વિકલ્પ સંસ્થા ડાંગની ટીમ દ્વારા ગત એપ્રિલ અને મે, મહિનામાં ગામે ગામ જઈને સર્વે કરીને ખેડૂતો સાથે બેઠકો યોજી ફળ-ફળાદી સહીતના રોપા અંગે વિવિધ માહિતી આપવામાં આવી હતી.

ત્યાર બાદ ગત ૧૫મી, જુલાઈ ૨૦૨૪ના રોજથી વિનામૂલ્યે રોપાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં તાપી જિલ્લામાં ૪૪૬૭૮ તેમજ ડાંગ જિલ્લામાં ૧૭૩૫૧ તેમજ મહારાષ્ટ્રમાં ૪૧૧૭ રોપાઓ મળી કુલ ૬૬,૧૪૬ જેટલાં રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વિકલ્પ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬થી દર વર્ષે તાપી અને ડાંગ જિલ્લાના ખેડૂતોને હજારોની સંખ્યામાં વિવિધ પ્રકારના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરી રહ્યું છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બરવાળાની શ્રી ચાચરિયા પ્રાથમિક શાળામાં ભવ્ય બાળમેળો અને આનંદ બજાર યોજાઈ

**સતત શિસ્ત, સંસ્કાર, સ્વસ્થતા તથા આગવી ,અવનવી અને મૂલ્યલક્ષી ઈનોવેટિવ પ્રવૃતિઓથી ધબકતી શ્રેષ્ઠ સરકારી શાળા એટલે બરવાળા તાલુકાની શ્રી ચાચરિયા પ્રાથમિક શાળા**

ચાલુ વર્ષે શ્રી ચાચરિયા પ્રાથમિક શાળામા બાળકોમાં આનંદ, ઉલ્લાસ અને જીવનલક્ષી પ્રવૃતિઓ થકી કેળવણીની કેડી કંડારતા ઉત્તમ રીતે બાળમેળાની ઉજવણી કરવામાં આવી હતી.




જેમાં ૧ થી ૫ના બાળકોને માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ, રંગોળી, ચિત્રકામ, કોલાઝ વર્ક, ચિટકકામ, કાતરકામ, માટીકામ, શૈક્ષણિક નમુનાઓ, ગણિત ગમ્મત, અભિનય ગીતો, જાદુ, બાળ રમતો જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવાં આવી હતી.

ધોરણ ૬ થી ૮ ના બાળકોમાં નવી શિક્ષણ નીતિને ચરિતાર્થ કરતી અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે લાઈફ સ્કીલની પ્રવૃત્તિઓ જેવી કે સ્વછતા, સ્વજાગૃતિ અને સુશોભન, સર્જનાત્મકતા, ચાલો શીખીએ, પર્યાવરણને માણો જાણો અને જાળવો, વાંચન, લેખન, અવલોકન, હળવાશની પળોમા, સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ, સમૂહ જીવન અને બાળ પ્રદર્શન જેવા વિષયોને ખૂબ રસપૂર્વક ન્યાય આપવામાં આવ્યો. સૌથી મજાની અને મોજના તોરા છુટે એવી પ્રવૃતિ 'આનંદ બજાર' હતી જેણે સમગ્ર શાળાના ભાવાવરણને મોજથી પુલકિત કરી દિધું હતું.

અમારી શાળાનો સમગ્ર શાળા પરિવાર હંમેશાં દરેક પ્રવૃત્તિઓમાં સહિયારો પુરૂષાર્થ કરી પોતાની આગવી પ્રતિભા બાળકોમાં ખીલે એવા પ્રયાસો કરતો રહ્યો છે. ખાસ અમારા બધા સાથે કેળવણી અને બુનિયાદી શિક્ષણનું વંદનીય ધામ એવા લોકભારતી સણોસરાના વિદ્યાર્થી અને ચાચરિયાના કર્મઠ શિક્ષક ગોવિંદભાઈ ડાભી દ્વારા બધા મિત્રોને સાથે રાખી લોકભારતી સણોસરામા જે સ્વંયપાકની આગવી પ્રવૃત્તિ હતી એની ઝાંખી કરાવતાં આગવી કુનેહ સાથે આનંદ બજારનું રુડું આયોજન કર્યું ને બાળકોને મોજ પડી ગઈ. વિવિધ ખાણીપીણીના સ્ટોલ જેવા કે શિવશક્તિ પાણીપુરી,લીલુડી લચકા ભેળ, ચટાકેદાર કાકડી, ફાઈવ સ્ટાર શરબત, ચિગ્સ ચાઈનીઝ, ચામુંડા સેન્ડવીચ, કષ્ટભંજન ભજીયા હાઉસ, ખાટી મીઠી દાળ, સોનુના ભૂંગળા -બટેકા, દ્વારકેશ લીબુ શરબત ,અલખધણી પાણીપુરી આમ એક એકથી ચડિયાતા ૧૨ સ્ટોલ કરવામાં આવ્યાં.

બાળકોમાં જે ઉત્સાહ, આનંદ અને અનેરી લહેર હતી એને શબ્દમાં વર્ણવી શકાય તેમ નથી. બધા બાળકો સાથે વાલીઓ, એસ. એમ. સી. ના સભ્યો સૌ આ આનંદના સહભાગી બની પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. નાના ભૂલકાઓથી લઈ તમામે આ બધા સ્ટોલના નાસ્તાની મોજ માણી સાથે ખબર ન પડતાં અનાયાસે જીવનલક્ષી કેળવણીની ઘણી સંકલ્પનાઓ સાર્થક કરી. આચાર્ય શ્રી પ્રકાશભાઈ સાથે બધા સ્ટાફ મિત્રોએ બાળક સાથે બાળક બની બાળમેળાની મોજ લુંટી.

# ઘર બનાવવા લીધેલ લોનના હપ્તા ભરપાઈ ન કરી શકતા ઓલપાડ ખાતે રહેતા પરપ્રાંતિય યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો

**સુરત જિલ્લામાં દિન પ્રતિદિન આપઘાતના બનાવો વધી રહ્યા છે. વધુ એક આપઘાતની ઘટના સામે આવી હતી. ઓલપાડ ગામે આવેલ બહુચર એપારમેન્ટમાં પરિવાર સાથે રહેતા અને નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા પંકજભાઈ એ ઘર બનાવવા માટે એક બેકમાંથી લોન લીધી હતી.**



બારડોલી- ઓલપાડ ગામે આવેલ બહુચર એપારમેન્ટમાં ઘર બનાવવા લીધેલ લોનના હપ્તા ભરપાઈ ન કરી શકતા પરપ્રાંતિય યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. સમગ્ર ઘટનાની જાણ ઓલપાડ પોલીસને કરવામાં આવી હતી. ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં દિન પ્રતિદિન આપઘાતના બનાવો વધી રહ્યા છે. વધુ એક આપઘાતની ઘટના સામે આવી હતી. ઓલપાડ ગામે આવેલ બહુચર એપારમેન્ટમાં પરિવાર સાથે રહેતા અને નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા પંકજભાઈ દિગંબરભાઈ ચૌબેએ ઘર બનાવવા માટે એક બેકમાંથી લોન લીધી હતી. જે બેન્કના હપ્તા ભરવામાં તેઓને મુશ્કેલી પડી રહી હતી અને તેઓ સતત ટેન્શનમાં રહેતા હતા. ત્યારે આખરે કંટાળી પંકજભાઈએ પોતાના ઘરે જ ઝેરી દવા પી લીધી હતી. તેઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જયાં ટુંકી સારવાર દરમિયાન તેઓનું મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ ઓલપાડ પોલીસને કરવામાં આવતા ઓલપાડ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરતમાં ૨,૩૫૧ કિલો મર્ક્યુરીથી બનેલું અદભુત શિવલિંગ; શ્રાવણના પ્રથમ સોમવારે દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા



સુરત- આજથી (૫ ઓગસ્ટ) પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ છે, જેને લઇ શિવભક્તોમાં અનેરો ઉત્સાહ છે. ત્યારે વિશ્વનું સૌથી મોટું પારદ શિવલિંગની વાત કરવામાં આવે તો તે માત્ર ગુજરાત શહેરના સુરતમાં છે. ૨,૩૫૧ કિલોનું મર્ક્યુરીથી બનેલું આ પારદ શિવલિંગના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રાવણ માસમાં ભક્તો અહીં આવે છે અને ધન્યતા અનુભવે છે.

વિશ્વભરમાં શિવજીના અસંખ્ય મંદિરો આવેલા છે. દરેક શિવાલયનું પોતાનો એક આગવું મહત્વ હોય છે. ત્યારે વાત કરીએ સુરત શહેરના પાલ વિસ્તારમાં આવેલા એક એવા શિવાલયની કે જે અદભુત અને અકલ્પનીય છે. આ મંદિરમાં પારદ એટલે મર્ક્યુરીમાંથી બનેલું વિશ્વનું સૌથી વિશાળકાય શિવલિંગ છે. વર્ષ ૨૦૦૪માં અટલ આશ્રમના બટુકગીરી મહારાજ દ્વારા આ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. વિશ્વનું સૌથી વિશાળ પારદ શિવલિંગ આજે લોક આસ્થાનું કેન્દ્ર બન્યું છે. શ્રાવણ માસમાં હજારોની સંખ્યામાં રોજે લોકો અહીં દર્શનાર્થે આવતા હોય છે.

આઠ પ્રકારની ધાતુઓ છે, આ તમામ ધાતુઓમાંથી મર્ક્યુરીનો સર્વશ્રેષ્ઠ પારો હોય છે. આ પારા અંગે શિવભક્ત રાવણે પણ ઉલ્લેખ કર્યો છે. કહેવાય છે કે, પારદ શિવલિંગના દર્શન કરવાથી જ વ્યક્તિને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. શ્રાવણ માસની શરૂઆત અને પ્રથમ સોમવાર હોવાના કારણે ભવ્ય અને વિશાળ પારદ શિવલિંગના દર્શન કરવા માટે શિવભક્તો વહેલી સવારથી જ મંદિરે આવી પહોચ્યા હતા.

આશ્રમના ટ્રસ્ટી બટુકગીરી મહારાજે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪માં આ મંદિરની સ્થાપના કરવામાં આવી અને અહીં ૨૩૫૧ કિલોનું મર્ક્યુરી એટલે પારદ શિવલિંગ આવેલ છે. પારામાંથી તૈયાર શિવલિંગ હોવાના કારણે આ મંદિરનું નામ પરદેશ્વર મહાદેવ મંદિર છે.

**સુરત શહેરના પાલ વિસ્તારમાં આવેલા એક એવા શિવાલયની કે જે અદભુત અને અકલ્પનીય છે.**

# કામરેજમાં બે આપઘાતના બનાવ:

## હલધરૂમાં ૧૯ વર્ષીય યુવતી અને લીડીયાતમાં ૫૦ વર્ષીય આધેડે ઘરે એસીડ પી આત્મહત્યા કરી; પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી

બારડોલી- કામરેજનાં હલધરૂ ગામે રહેતી ૧૯ વર્ષીય યુવતી અને લીડીયાતનાં ૫૦ વર્ષીય આધેડે અગમ્ય કારણોસર એસીડ પી લઇ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઇ હતી.




પ્રાપ્ત માહિતી અનુસાર, બબલી રામજી દુબે (ઉ.વ.૧૯, રહે. રૂદ્ર રેસીડેન્સી, હલધરૂ ગામ, તા. કામરેજ) ઉપરોક્ત સરનામે ઘરે હાજર હતી. જે દરમિયાન તેણીએ ઘરમાં એકલતાનો લાભ લઈ અગમ્ય કારણોસર એસીડ પી લઇ જીવ ટૂંકાવી લીધો હતો. ત્યારે અન્ય બનાવમાં માંગરોળનાં લીંડીયાત ગામે રહેતા સંતોષકુમાર પંચુભાઈ પ્રધાન (ઉ.વ.૫૦) પોતાનાં ઘરે હાજર હતા. જે દરમિયાન તેઓએ અગમ્ય કારણોસર એસીડ ગટગટાવી લીધું હતું.

બનાવ અંગે પરિવારજનોને જાણ થતા તેમણે ઉપરોક્ત બંનેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડતા ફરજ પરનાં ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. તેમજ સમગ્ર ઘટના અંગે પરિવારજનો દ્વારા પોલીસ મથકે જાણ કરવામાં આવતા હાલ બંને અલગ અલગ બનાવમાં કામરેજ અને કોસંબા પોલીસે ગુનો નોંધી યુવતી અને આધેડે ક્યા અને કેવા સંજોગોમાં આત્મહત્યા કરી તે દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

# અજાણ્યા આધેડની લાશ મળી:કીમ ચાર રસ્તા બ્રીજ નીચેથી મળેલી લાશ અંગે કોસંબા પોલીસે ગુનો નોધી ઓળખ અંગે કવાયત હાથ ધરી

બારડોલી- કીમ ચારર સ્તા બ્રીજ નીચેથી અજાણ્યા આધેડની મૃત હાલતમાં લાશ મળી આવી હતી. જેને લઇને કોસંબા પોલીસે સ્થળ પર પહોચી લાશનો કબજો લઇને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં બિન વારસી હાલતમાં લાશ મળવાનો સિલસિલો યથાવત છે. ત્યારે હાલ વધુ એક બિનવારસી હાલતમાં લાશ મળી આવી હતી. સુરતના કોસંબા પોલીસની હદમાં આવેલા કીમ ચારરસ્તાનાં બ્રીજ નીચે એક અજાણ્યો ઇસમ મૃત હાલતમાં પડ્યો હોવાની કોસંબા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# ભક્તોની મનોકામના સિદ્ધ કરતા મહાદેવ સિદ્ધનાથના નામે ઓળખાયા



જેના દર્શન કરવાથી મનોકામના સિદ્ધ થાય છે એવા સિદ્ધનાથ મહાદેવ શ્રાવણ મહિનામાં અસંખ્ય ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. સુરતથી ૩૦ કીલોમીટરના અને ઓલપાડ તાલુકાથી ૮ કિમીના અંતરે સરસ ગામે બીરાજે છે ભગવાન સિદ્ધનાથ મહાદેવ. શ્રાવણ માસમાં અસંખ્ય શિવ ભક્તો સિદ્ધનાથ મહાદેવના દર્શન કરીને ધન્યતાનો અનુભવ કરે છે.

સુરતના છેવાડે ઓલપાડનાં ના સરસ ગામના સિધ્ધનાથ મહાદેવ મંદિરે આમ તો બારેમાસ દર્શનાર્થીઓનો ધસારો રહે છે પણ શ્રાવણ મહિનામાં અહીં ભક્તોનું ઘોડાપૂર આવે છે. સુરતથી અને આજુબાજુથી અસંખ્ય શ્રદ્ધાળુઓ પગપાળા દર્શન માટે આવતા હોય છે..રવિવારે રાત્રે લોકો પગપાળા જઈ સોમવારની વહેલી સવારે તાપી કે નર્મદા નદીનું પાણી ચઢાવીને પૂજા-અર્ચના કરતાં હોય છે. ભક્તોના પ્રિય સિદ્ધનાથ મહાદેવની આ લોકપ્રિયતા પાછળ વિવિધ પ્રકારની દંતકથાઓ જોડાયેલી છે.

વાત કરીએ સિદ્ધનાથ મહાદેવ મંદિરના ઇતિહાસની તો દરિયા કિનારે આવેલા આ વિસ્તારમાં ગોકર્ણ ઋષિ નો આશ્રમ હતો. આશ્રમના પશુઓ આ જગ્યા પર ઘાસ ચરવા માટે આવતા હતા. પરંતુ ગાયોના ટોળામાંથી એક ગાય નિત્ય અલગ થઇ જતી હતી અને ટેકરી પર ઊભી રહેતી હતી એટલુ જ નહી, એ ત્યાં તેના આંચળમાંથી દુધની ધારા વહેડાવતી હતી.

# ઓલપાડના કીમ રેલવે ઓવરબ્રિજના રસ્તા પર પડેલા સિમેન્ટના પથ્થરોથી વાહનચાલકોને હાલાકી

બારડોલી- કીમ રેલવે બ્રિજ ઉપર કોઈ અજાણ્યા વાહનમાંથી સિમેન્ટના બ્લોકના ટુકડાઓ રસ્તાની વચોવચ ઠલવાઈ જતા નાના-મોટા વાહનચાલકોને અકસ્માતની ભીતિ ઉભી થઈ હતી.



કીમમાં બનેલા રેલવે ઓવરબ્રિજના મુખ્ય રસ્તા પર કોઇ અજાણ્યા વાહનમાંથી સિમેન્ટના બ્લોકના નાના મોટા ટુકડા અને ભુક્કો રસ્તાની વચોવચ ઠલવાઇ જતા ખાસ કરીને મોપેડ, રિક્ષા અને બાઇક જેવા નાના મોટા વાહનચાલકોને રસ્તાની વચોવચ પડેલા સિમેન્ટના ટુકડાના પગલે અકસ્માત થવાનો ભય ઉભો થયો હતો. કલાકો વીત્યા પછી પણ રસ્તાની વચોવચ પડેલા અડચણ રૂપ સિમેન્ટના બ્લોકના જથ્થાઓના પગલે ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ અને ટૂ વ્હિલરના ચાલકો તેમજ વિદ્યાર્થીઓને લઈ જતી રીક્ષાના ચાલકોમાં નારાજગી જોવા મળી હતી.

અધૂરામાં પૂરું ઉપરોક્ત ઓવરબ્રિજના નિર્માણકાળથી બ્રિજ ઉપર અંધારામાં લાઈટની વ્યવસ્થા ઊભી કરવામાં આવી નહીં હોવાથી બંને દિશામાં પૂરપાટ આવતા વાહનો આમને સામને ભટકાવવાની ઘટના ઘટી રહી છે.

આવા સમયે રાતે રસ્તાની વચોવચ પડેલા સિમેન્ટના બ્લોકના ઢગલાઓને હટાવવાની તસ્દી પણ ન લેવાતા વાહનચાલકોની હાલાકી વધી છે.

**જોઈએ છે..! જોઈએ છે..!**



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).